# આઝાદી એટલે નારીનું નિર્ભીક વિચરણ



**- ડો.નીપા ઠક્કર**

મને ગૌરવ છે કે, મારો જન્મ દેશની સ્વાતંત્ર્ય પ્રાપ્તિની તારીખે થયો છે. જો કે, મારા જન્મ વખતે તો આઝાદી એની યુવાસ્થામાં આવી પહોંચી હતી.

મારી દૃષ્ટિએ આઝાદી એટલે સૌનો સમાન વિકાસ! દલિત અને આદિવાસી સમાજના ઉત્થાન માટે કાર્ય કરનાર પૂ.ઠક્કરબાપાના પરિવારના સંતાન તરીકે, આજે ગુજરાતમાં દલિતો-આદિવાસીઓ માટે જે પ્રવૃત્તિ થઇ રહી છે તેનાથી સંતોષ અનુભવુ છું. એક કન્યા તરીકે મેં માત્ર મારા ઘર કે કુટુંબ જ નહીં, સમાજ તરફથી પણ ક્યારેય કોઇ જાતના બંધનની અનુભૂતિ નથી કરી. મારી દૃષ્ટિએ આ જ ખરી સ્વતંત્રતા છે. ગુજરાતની મહિલા મોડી રાત્રે પણ રસ્તા પર નિર્ભિકપણે ફરી શકે એ જ આઝાદીની ખરી વ્યાખ્યા! આ ઉપરાંત એક મહિલા તરીકે આનંદ થાય તેવી કન્યા કેળવણીની પ્રવૃત્તિ, વ્યવસાયે તબીબ હોવાથી જેમા વધુ રસ પડે તેવી સ્ત્રીભ્રૂણ હત્યા નિવારણની પ્રવૃત્તિ સહિતની જે કામગીરી ગુજરાતમાં થઇ રહી છે. તેનો આનંદ છે. વડીલોના પ્રતાપે અમારી પેઢી આઝાદીના ફળો માણી રહી છે તેવો ઋણ સ્વીકાર કરવો જ રહયો. આઝાદી અમર રહો.

**: ડો.નીપા ઠક્કર**
**તબીબ-નૃત્યકાર,**
**ભાવનગર**


# આઝાદી એટલે નારીનું નિર્ભીક વિચરણ



**- ડો.નીપા ઠક્કર**

મને ગૌરવ છે કે, મારો જન્મ દેશની સ્વાતંત્ર્ય પ્રાપ્તિની તારીખે થયો છે. જો કે, મારા જન્મ વખતે તો આઝાદી એની યુવાસ્થામાં આવી પહોંચી હતી.

મારી દૃષ્ટિએ આઝાદી એટલે સૌનો સમાન વિકાસ! દલિત અને આદિવાસી સમાજના ઉત્થાન માટે કાર્ય કરનાર પૂ.ઠક્કરબાપાના પરિવારના સંતાન તરીકે, આજે ગુજરાતમાં દલિતો-આદિવાસીઓ માટે જે પ્રવૃત્તિ થઇ રહી છે તેનાથી સંતોષ અનુભવુ છું. એક કન્યા તરીકે મેં માત્ર મારા ઘર કે કુટુંબ જ નહીં, સમાજ તરફથી પણ ક્યારેય કોઇ જાતના બંધનની અનુભૂતિ નથી કરી. મારી દૃષ્ટિએ આ જ ખરી સ્વતંત્રતા છે. ગુજરાતની મહિલા મોડી રાત્રે પણ રસ્તા પર નિર્ભિકપણે ફરી શકે એ જ આઝાદીની ખરી વ્યાખ્યા! આ ઉપરાંત એક મહિલા તરીકે આનંદ થાય તેવી કન્યા કેળવણીની પ્રવૃત્તિ, વ્યવસાયે તબીબ હોવાથી જેમા વધુ રસ પડે તેવી સ્ત્રીભ્રૂણ હત્યા નિવારણની પ્રવૃત્તિ સહિતની જે કામગીરી ગુજરાતમાં થઇ રહી છે. તેનો આનંદ છે. વડીલોના પ્રતાપે અમારી પેઢી આઝાદીના ફળો માણી રહી છે તેવો ઋણ સ્વીકાર કરવો જ રહયો. આઝાદી અમર રહો.

**: ડો.નીપા ઠક્કર**
**તબીબ-નૃત્યકાર,**
**ભાવનગર**